જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૩/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૯૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૨૭૬ લીટર દેશી દારૂ, ૮૯૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨૧૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૦૪ સ્કુટર, ૦૧ રિક્ષા અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૫૧૫/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૯૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૯૮/૨૦૨૬**

ક્રાઇમ બ્રાન્ચઃ કૃણાલ અતુલકુમાર ઠેકડી (ઉ.વ.૨૦) (રહે. શાહ કોલોની બેસ્ટ હાઇસ્કુલ સામે ભૈરવનાથ રોડ મણીનગર) એ તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે જીનીશ કાંતીભાઇ ઉર્ફે કનુભાઇ પટેલ (રહે. સિલ્વર–૩૪ બંગલોઝ મારૂતી શો રૂમની બાજુમાં વસ્ત્રાલ) એ (૧) ક્રિશ શૈલેષભાઇ પટેલ (રહે. ગોલ્ડ કોષ્ટ રેસીડેન્સી માધવ ફાર્મ પાછળ વસ્ત્રાલ) સાથે મુલાકાત કરાવી પોતાનો મિત્ર હોવાનુ તેમજ કેમીકલનો મોટા પાયે વેપાર ધંધો કરતા હોવાનુ અને તેઓની સાથે વેપાર કરવાનું જણાવી તે કેમીકલના માલના નાણાંની જવાબદારી સ્વીકારવા પોતાની દલાલી આપવાનુ જણાવી જી.આઇ.ડી.સી વટવા ફેઝ–૨ ન્યુ મેઘમણીની સામે પી.એ કેમટેક પ્રા.લી ઓફીસ– પ્લોટ નં–૩૦૮/૧ , કૃણાલ ઠેકડી ની ઓફીસ ખાતે કેમીકલના વેપાર પેટે શરુઆતમાં કેટલાક નાણા એડવાન્સમાં આપી વિશ્વાસ અને ભરોષો કેળવી કૃણાલ ઠેકડીની પી.એ.કેમટેક પ્રા.લી પાસેથી તા.૨૪/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૮/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન કેમીકલનો જથ્થો ખરીદ કરી બાકી નિકળતા રૂપિયા ૩,૬૨,૯૯,૪૧૫/– નહી આપી તથા જીનીશ પટેલએ કેમીકલના જથ્થાની દલાલી પેટે રૂપિયા ૩,૧૦,૪૦૦/– મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪ પો.ઇ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.

સરદારનગરઃ સરદારનગર વિસ્તારમાં રહેતી મહીલાએ તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૩/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વિઝા કન્સલ્ટીંગનો ધંધો કરતા આરોપી (૧) રાહુલ શશીકાંત નાડમવાર (રહે. સન એક્ઝોટીકા હંસપુરા બસ સ્ટેશન પાસે નરોડા) અને (૨) ભુમીબહેન નિલેશભાઇ રસાણીયા (રહે. નંદ બંગ્લોઝ સ્વસ્તીક પાર્ટી પ્લોટની બાજુમાં સાઉથ બોપલ રોડ બોપલ) એ ભેગા મળી મહીલાના પુત્રને ઓસ્ટ્રેલીયા સ્ટુડન્ટ વિઝા કઢાવી આપવાનો વિશ્વાસ અપાવી મહીલા પાસેથી પ્રોસેસ પેટે રૂપિયા ૧૧,૬૧,૭૨૪/– મેળવી લઈ વિઝા નહી કઢાવી આપી તેમજ આપેલ પૈસા પરત નહી આપી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પુ.પો.સ.ઇ.શ્રી પી.વી.દેસાણી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૩૯૯/૨૦૨૬**

નારોલઃ સ્વેતા ડૉ/ઓ રવિન્દ્રકુમાર વાઘેલા (રહે. ઈન્દિરાનગર વિભાગ–૦૧ બળિયાદેવના મંદિર પાસે લાંભા) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૩/૨૦૨૬ રાતના ૦૯/૦૦ થી તા.૧૯/૦૩/૨૦૨૬ કલાક ૦૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સૈજપુર ગોપાલપુર ગામની ભાગોળમાં આવેલ ઘ મેલડી મોબાઈલ સ્ટોર નામની દુકાનનો દરવાજો ખોલી અજાણી વ્યકિત દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૫૭,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.સાંબડ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૪૦૦/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ જયેન્દ્ર ધીરજલાલ ઝાટકિયા (ઉ.વ.૭૨) (રહે. યોગાશ્રમ સોસાયટી કેન્યુગ ફલેટ સામે સેટેલાઈટ) એ તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૩/૨૦૨૬ કલાક ૦૧/૦૦ થી બપોરના ૦૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોલા ભાડજ સર્કલ પાસે સુપર સીટી રોડ માધવ પાર્ટી લોન એરેના ક્રિકેટની ગલીમાં એલ.ઈ.ડી.સ્ક્રિન એવન્યુ નામના ગોડાઉન આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ પોતાના આઇસર ટ્રકમાંથી એલ.ઈ.ડી.સ્ક્રિન નંગ–૧૨ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/– અજાણી વ્યકિત ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડિ.પી.સોલંકી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૪૦૧/૨૦૨૬**

ઘાટલોડીયાઃ સુરજસિંહ બિરબીલસિંહ ભદોરીયા (ઉ.વ.૨૭) (રહે. જાદવનગર મેમનગર ઘાટલોડીયા) તા.૧૮/૦૩/૨૦૨૬ રાતના ૦૮/૦૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા મેમનગર કુષ્ણનગર વસાહત જાદવનગર ચેક પોસ્ટ સામે દુકાને દુધ લેવા ગયા હતા દરમ્યાન જયાં ગેલેરીનો કાટમાળ તુટી પડતા દટાઈ જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.ચૌહાણ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ સોલા–ભાગવત રોડ સુરમ્ય સ્ટેટસ સામે સિવોન–૩૭ ખાતે રહેતા અને પ્લમ્બરનું કામ કરતા વિનયકુમાર સ/ઓ રાજન ચૌહાણ (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ–વિશુનપુરવા પોસ્ટ–કટવા માફિ જી–ચંદોલી ઉતરપ્રદેશ) તા.૧૮/૦૩/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે દસમાં માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને કે.ડી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૯/૦૩/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતકુમાર કિશોરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૦૨/૨૦૨૬**

ચાંદખેડાઃ દેવાંગ સ/ઓ અશોકકુમાર પંચાલ (ઉ.વ.૪૦) (રહે. શ્યામ હાઈટસ ભીમજીપુરા વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા આશારામ ચોકડી મોટેરા ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૯/૦૩/૨૦૨૬ કલાક ૦૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઇ સુકાજી ચલાવે છે.

આનંદનગરઃ પ્રિયન્શીબહેન ડો/ઓ ધિરજલાલ શાહ (ઉ.વ.૨૦) (રહે. આનંદનગર ફ્લેટ સેલ પેટ્રોલપંપ પાસે આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૩/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ ગાભાભાઇ ચલાવે છે.

ઓઢવઃ નવીનભાઇ શંકરલાલ લુહાર (ઉ.વ.૨૭) (રહે. તક્ષશિલા ફ્લેટ પુનમ બેકરી પાસે અંબિકાનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૩/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ થી ૦૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઈ જગમાલભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી